સત્યમેવ જયતે

કેસ દાખલ તારીખઃ૨૭/૦૩/૨૦૧૩
રજી.થયા તારીખઃ ૨૭/૦૩/૨૦૧૩
ફેસલ કર્યા તારીખઃ૦૪/૦૫/૨૦૧૯
સમય ગાળોઃવર્ષ..... માસ..... દિવસ...

મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નંબરઃ૧૯.માં.,મુ.અમદાવાદ

ક્રિ.કે.નંબરઃ૧૨૫૦/૨૦૧૩.
આંક–

ફરીયાદીઃ– શ્રી સરકાર.

વિરૂદ્ધ.

આરોપીઃ–
(૧) નહારસિંગ કુરસિંગ પવાર.
ઉં.વ.૩૨, રહે–એફ/૫૦૨ આર્યમાન ફ્લેટ,
ભમરીયા રોડ, વટવા, અમદાવાદ.
(૨) બિપીનભાઈ નથુરામ ધામેલ.
ઉં.વ.૪૯, રહે–એ/૪૦૨ આર્યમાન ફ્લેટ,
ભમરીયા રોડ, વટવા, અમદાવાદ.
(૩) ભાવિકભાઈ સ/ઓ બિપીનભાઈ પંડ્યા.
ઉં.વ.૨૩, રહે–ઉપર નં. ૨ મુજબ.
(૪) ગિરીશભાઈ શાંતીલાલ ભટ્ટ.
ઉં.વ.૬૦, રહે–સી/૩૦૪ આર્યમાન ફ્લેટ,
ભમરીયા રોડ, વટવા, અમદાવાદ.

---

ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી રાજેશ ગોગરા.
આરોપી તરફે વિ.વ.શ્રી ડી.આર.વાલેરા

---

*ગુનોઃ-ઈ.પી.કો.કલમઃ ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ.૧૩૫(૧) મુજબ .*

---

# જ જ મે ન્ટ

---

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૦૨/૦૯/૨૦૧૩ ના કલાકઃ ૨૨.૩૦ વાગ્યે આર્યમાન ફ્લેટની નીચે જાહેરમાં ફરીયાદીશ્રી તથા સાહેદ નં. ૪ ને જેમ ફાવે તેમ ગંદી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી તથા આરોપી નં. ૩ એ ફરીયાદશ્રીને લાકડીનો ફટકો શરીરે મારી એકબીજાની મદદગારી કરી મહે.પો.કમિશનરશ્રી અમદાવાદનાઓના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદ ફરીયાદીએ આરોપીઓ વિરૂદ્ધ નોંધાવતા ફરીયાદના આધારે તપાસનીસ અધિકારીએ કાયદેસરની તપાસ કરતા આરોપીઓ સામે પૂરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપીઓ જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતાં, આરોપીઓ તેમના વિ.વ.શ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થતા ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ મુજબ વિનાં મૂલ્યે પોલિસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ ગુના સબબે આંકઃ ૦૩ થી આરોપીઓની પ્લી નોંધવામાં આવેલ છે તેમાં આરોપીઓને તહોમતનામાની હકીકતો વાંચી સંભળાવી સમજાવવામાં આવતા તેમની સામેના આક્ષેપોની હકીકતોનો ઈન્કાર કરી ગુનો કબુલ નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ

કેસની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

આંકઃ ૦૪ પંચ સાહેદ મનોજકુમાર મુનેશ્રર જમાદારની જુબાની.

આંકઃ ૦૫ મુદ્દામાલ લાકડી કબજે કર્યા અંગેનું પંચનામું.

આંકઃ ૦૬ પંચ સાહેદ અંકિતભાઈ હરિશભાઈ આનંદની જુબાની.

આંકઃ ૦૭ ફરીયાદી મનદીપ બિપીનભાઈ પુજારાની જુબાની.

આંકઃ ૦૮ અસલ ફરીયાદ.

આંકઃ ૦૯ સાહેદ બિપીનભાઈ દિનકરરાય પુજારાની જુબાની.

આંકઃ ૧૧ સાહેદ ઉષાબેન બિપીનભાઈ પુજારાની જુબાની.

આંકઃ ૧૨ તપાસ કરનાર અમલદાર મહેન્દ્રકુમાર મફતલાલની જુબાની.

આંકઃ ૧૩ ચાર્જ અમલદાર રીપોર્ટ.

(૪) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૧૩ અન્વયે આરોપીનુ વિશેષમાં નીવેદન નોંધવા લાયક નોંધવામાં આવેલ છે. જેમા આરોપીએ ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનો ઈન્કાર કરેલ છે અને સોગંદ ઉપર જુબાની આપવાની ન હોવાનુ તથા બચાવના સાક્ષી તપાસવા માંગતા ન હોવાનુ જાહેર કરેલ છે.

(૫) શ્રી સરકાર પક્ષે વિ.એપીપીશ્રીને સાંભળ્યા. આરોપી પક્ષ તરફે વિ.વકીલશ્રીનાઓ દ્વારા આંકઃ ૧૪ થી રજુ થયેલ લેખિત દલીલ વંચાણે લીધી.

(૬) ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દા ઉપસ્થિત થાય છે.

## –૦ મુ દ્દા ૦ –

(૧) શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી આર્યમાન ફ્લેટની નીચે જાહેરમાં ફરીયાદીશ્રી તથા સાહેદ નં. ૪ ને જેમ ફાવે તેમ ગંદી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી તથા આરોપી નં. ૩ એ ફરીયાદશ્રીને લાકડીનો ફટકો શરીરે મારી મહે.પો.કમિશનરશ્રી અમદાવાદ નાઓના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો કલમઃ ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ.કલમ. ૧૩૫(૧) મુજબના ગુનાઓ કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા નાં કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## –ઃ ન્યાય નિર્ણય માટેનાં કારણો ઃ–

### મુદ્દા નંબરઃ–૧

(૮) ફરીયાદ પક્ષે આંકઃ ૦૪ થી પંચ સાહેદ મનોજકુમાર જમાદાર, આંકઃ ૦૬ થી પંચ સાહેદ અંકીતભાઈ હરીશભાઈ આનંદનાઓને તપાસવામાં આવેલ છે. બંન્ને પંચ સાહેદોએ આંકઃ ૦૫ થી રજુ થયેલ મુદ્દામાલ રીકવરી પંચનામા વિશે પોતે કંઈ જાણતા ન હોવાની હકીકત જણાવેલ છે. ઉલટતપાસમાં

એવી હકીકતો જણાવેલ છે કે, તૈયાર પંચનામામાં પોતે સહીઓ કરેલ હતી.

(૯) ફરીયાદ પક્ષે આંકઃ ૦૭ થી મનદીપ બિપીનભાઈ પુજારાનાઓને તપાસવામાં આવેલ છે. ફરીયાદીએ એવી હકીકતો જણાવેલ છે કે, તા. ૦૨/૦૯/૨૦૧૩ ના રોજ રાતના નવ વાગ્યાના સુમારે આર્યમાન ફ્લેટ નારોલ મુકામે બનાવ બનેલો હતો. બનાવ સમયે પોતે આર્યમાન ફ્લેટની સામે હાજર હતો. તે સમયે આરોપીઓએ નીચે બેસવા બાબતે બોલાચાલી કરતા પિતાજી નીચે જતા આરોપીઓ પણ નીચે જતા આરોપીઓએ પિતાજી સાથે ઝઘડો કરી બેસબોલ, પાઈપ વડે માર મારેલ જેથી પોતે ઝઘડાનો અવાજ સાંભળતા નીચે આવેલા અને આરોપીઓએ ફરીયાદી ને પણ ઢીકાપાટુનો માર મારેલ હતો અને આરોપીઓએ સોનાની ચેન ૮ ગ્રામની, પર્સ બાઈકની ચાવી પણ લઈ લીધેલ. પાર્કીગમાં પડેલ બાઈકને તોડફોડ કરેલી અને ત્યારબાદ ૧૦૮ બોલાવી સીવીલ હોસ્પિટલમાં પોતે તથા પોતાના પિતાજી સારવાર મેળવેલ અને સારવાર લીધા બાદ ફરીયાદ નોંધાવેલ તેમાં સહી ઓળખી બતાવેલ છે અને આરોપીઓને ઓળખી બતાવેલ છે. આરોપી પક્ષે ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જે ઉલટતપાસમાં ફરીયાદીએ આરોપી પક્ષે પુછવામાં આવેલ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. ફરીયાદીની જુબાનીનું મુલ્યાંકન આંકઃ ૦૮ થી રજુ થયેલ ફરીયાદ અનુસંધાને કરવામાં આવે તો, ફરીયાદીએ પોતાની ફરીયાદમાં આરોપીઓએ બેસબોલ પાઈપ સાથે માર મારેલ હોવાનું જણાવેલ નથી. ફરીયાદીએ બનાવ બાદ વી.એસ.હોસ્પિટલમાં સારવાર મેળવેલાનું જણાવેલ છે પરંતુ તેના કોઈ સારવાર સર્ટીફિકેટ રેકર્ડ ઉપર

આવેલ નથી.

(૧૦)ફરીયાદ પક્ષે આંકઃ ૦૯ થી સાહેદ બિપીનભાઈ દિનકરરાય નાઓને તપાસવામાં આવેલ છે. સાહેદે સોગંદ ઉપરની સરતપાસમાં એવી હકીકતો જણાવેલ છે કે, બનાવ નારોલ ઓમ શાંતીનગરની બાજુમાં ફ્લેટમાં રહેતા હતા ત્યારે રાતના કલાકઃ ૧૦ થી ૧૧.૩૦ ના સુમારે બનેલ હતો. આરોપીઓએ મગજમારી કરેલી. આરોપીઓ ઘરે આવેલા અને બારણુ તોડવાની કોશીશ કરેલ અને બધા નીચે જતા રહેલા અને પછી પોતે નીચે ગયેલ હતા ત્યાં આરોપીઓએ સાહેદને બોલાવેલા અને મારવા લાગેલા અને કપડા લોહી લુહાણ થઈ ગયેલ હતા તે દરમ્યાન પુત્રનો ફોન આવેલો અને પોતાને જણાવેલ કે, બધાયે ભેગા થઈને માર મારેલ છે અને મે જણાવેલ કે હું ફ્લેટથી આગળ ઉભો હતો ત્યાં આવી જા જેથી પુત્ર ત્યાં આવી ગયેલ અને ૧૦૮ માં સારવાર માટે વી.એસ.હોસ્પિટલમાં લઈ ગયા હતા જે બનાવ બાબતે પોતાના પુત્રએ ફરીયાદ નોંધાવતા પોલીસે નિવેદન નોંધેલું તેમ જણાવી આરોપીઓને ઓળખી બતાવેલ છે અને સોનાનું ચેન પોતાના પુત્રએ પહેરેલ તે જતો રહેલ હોવાની હકીકત જણાવેલ છે. આરોપી પક્ષ દ્વારા સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જે ઉલટતપાસમાં સાહેદે એવી હકીકતો જણાવેલ છે કે, ફ્લેટનો ચોકીદાર હતો અને કપડા લોહી લુહાણ થઈ ગયેલાની હકીકત પોલીસમાં લખાવેલ નથી તેના જવાબમાં સાહેદે એવું જણાવેલ છે કે, હકીકત પુત્ર લખાવતો હતો અને આ હકીકત પુત્રએ લખાવેલ છે. આ સિવાય અન્ય કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો, બનાવ સમયે

આરોપીઓએ ફરીયાદીને કોઈ હથિયાર વડે માર મારેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. કોઈ ચોક્કસ ઉશ્કેરણીજનક શબ્દો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૧) ફરીયાદ પક્ષે આંકઃ ૧૧ થી સાહેદ ઉષાબેન બિપીનભાઈ પુજારાનાઓને તપાસવામાં આવેલ છે. સાહેદે સોગંદ ઉપરની સરતપાસમાં એવી હકીકતો જણાવેલ છે કે, બનાવ સમયે પોતે આર્યમાન ફ્લેટ નં. ૪૦૨ માં રહેતા હતા. અવાજ આવતા પોતે ઘરની બહાર નીકળેલી ત્યારે તેણીનો પુત્ર મનદીપ તથા નારસંગ વચ્ચે મારામારી થતા પોતે વચ્ચે પડતા નારસંગ ભાઈએ ફેંટ મારેલી, પોતે લોહી લુહાણ થઈ ગયેલ અને પછી ૧૦૦ નંબરથી પોલીસને બોલાવેલ પોલીસે દવાખાને મોકલેલ. આરોપીઓએ લીફ્ટનો દરવાજો કેમ જોરથી બંધ કરો છો તેમ કહી પતિ સાથે માથાકુટ કરી લાફો મારી દીધેલો લાફો મારેલ તેમ જણાવી આરોપીઓને ઓળખી બતાવેલ છે અને સારવાર સર્ટીફિકેટના પેપર ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે અને એવું પણ કબુલ રાખેલ છે કે, આરોપીએ બિપીનભાઈને ધક્કો મારતા દિવાલ સાથે અથડાતા નીચે પડી ગયેલા. આરોપી પક્ષે સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જે ઉલટતપાસમાં એવી હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે કે, આર્યમાન ફ્લેટમાં ચોકીદાર રાખવામાં આવતો હતો અને ફ્લેટમાં કોઈ મુલાકાતી આવે તો વોચમેન દ્વારા રજીસ્ટર્ડમાં નોંધ કરવામાં આવતી. પોતાના પુત્રને ચોકીદારે રજીસ્ટર્ડમાં નોંધ કરવાનું કહેલ. ફ્લેટની વ્યક્તિ રાત્રીના ૧૨ પહેલા આવે તો તેનું રજીસ્ટર્ડમાં લખવાનું હોતુ નથી. સાહેદની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદી તથા સાહેદ

બિપીનભાઈ પુજારાની જુબાની કરતા અલગ હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે. ચોક્કસ ઉશ્કેરણીજનક શબ્દો રેકર્ડ ઉપર આવેલ નથી કે સારવાર સર્ટીફિકેટ પણ રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૨) ફરીયાદ પક્ષે આંકઃ ૧૩ થી તપાસ કરનાર અમલદાર મહેન્દ્રકુમાર મફતલાલનાઓને તપાસવામાં આવેલ છે. તપાસ કરનાર અમલદારનાઓએ સોગંદ ઉપર એવી હકીકતો જણાવેલ છે કે, તા. ૦૩/૦૯/૨૦૧૩ ના રોજ પોતે વટવા પો.સ્ટે. ખાતે ફરજ પર હાજર હતા ત્યારે આ કામના ફરીયાદી મનદીપભાઈ બીપીનભાઈ નાઓએ પોતાની ફરીયાદ હકીકત પોતાની રૂબરૂ જાહેર કરતા તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલી અને તેઓને વાંચી સંભળાવી તેઓની સહી લીધેલી અને રૂબરૂ તરીકે પોતાની સહી કરેલી જે આંકઃ ૦૮ વાળી આવે તે જ ફરીયાદ છે. સીઆરપીસી ૧૫૭ મુજબનો રીપોર્ટ કરેલો અને જે અસલ રીપોર્ટ પોતાને બતાવવામાં આવે તો તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. વટવા પો.સ્ટે.ગુ.ર.નં. ૩૪૭૯/૧૩ ગુનો રજીસ્ટર થઈ આ કામે આગળની તપાસ પોતાને સોંપતા પોતે સંભાળી લીધેલી. પોતે બે પંચોની હાજરીમં ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ જે રજુ કરવામાં આવેલ છે. તેમાં બે પંચોની તથા પોતાની સહી છે જે ઓળખી બતાવેલ છે. આ કામે સંબંધીત સાહેદોના નિવેદન નોંધવામાં આવેલા. પોતાની રૂબરૂની ફરીયાદ તથા તપાસ દરમ્યાન ફરીયાદી મનદીપ તથા સાહેદ બીપીનભાઈને ઈજાઓ થયેલી તેઓ વી.એસ.હોસ્પિટલમાં આઉટડોર સારવાર લીધેલી તેવી હકીકત ખુલેલી પરંતુ તેઓએ આઉટડોર સારવાર લીધેલી. કોઈ એમ.એલ.સી.કેમ નથી.

જેથી આ કામે મેડીકલ સર્ટીફિકેટ મેળવેલ નથી કે રજુ કરેલ નથી. આ કામે આરોપીઓને અટક કરેલા પુરતા પુરાવા હોઈ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ આરોપીઓને જોયેથી ઓળખી બતાવેલ છે તેઓ કોર્ટમાં હાજર છે.

(૧૩) ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતા, ફરીયાદી સાહેદોની જુબાનીમાં મહત્વનો વિરોધાભાસ જણાઈ આવેલ છે. ફરીયાદ પક્ષના કેસને સ્વતંત્ર સાહેદોની જુબાનીથી સમર્થન મળતુ નથી. ફરીયાદી સાહેદોની જુબાનીમાં આરોપીઓ બનાવ સમયે કયા ચોક્કસ ઉશ્કેરણીજનક શબ્દો બોલતા હતા તેવા ચોક્કસ શબ્દો રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ ફરીયાદી સાહેદો બનાવ બન્યા બાદ પોતાનું દૈનિક જીવન જીવવા અસમર્થ હતા કે કેમ? તે બાબતેની પણ કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તપાસ કરનાર અમલદારે મુદ્દામાલ હથિયારબંધીનું જાહેરનામું પણ રેકર્ડ ઉપર રજુ રાખેલ નથી જેથી બનાવ વખતે હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હતુ કે કેમ? તે બાબતે પણ કોઈ હકીકત પુરવાર થતી નથી. તપાસના કામે ફરીયાદી સાહેદોના ઈજા અંગેના સારવાર સર્ટીફિકેટો રેકર્ડ ઉપર આવેલ નથી તેવા સંજોગોમાં ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂદ્ધનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ નથી. જેથી ઉપરોક્ત કરેલ ચર્ચા અનુસાર મુદ્દા નંબરઃ૧ નો જવાબ નકારમાં ઠરાવી અને મુદ્દા નંબરઃ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -ઃ આ ખ રી હુ ક મ ઃ-

(૧) આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો.કલમઃ ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા

જી.પી.એક્ટ.૧૩૫(૧) મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે આ કામના આરોપીએ રૂ.૫૦૦૦ નાં જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ રાખવા.

(૩) મુદ્દામાલ હથિયારનો અપિલ સમય વિત્યા બાદ નાશ કરવો.

સદરહુ હુકમ આજ તારીખઃ ૦૪ માહે મે સને-૨૦૧૯ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામઃઅમદાવાદ
તા.૦૪/૦૫/૨૦૧૯

(અર્ચિત નિલમભાઈ વોરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૧૯.અમદાવાદ.
કોડ નં.જીજે.૦૦૮૪૯

એમ.ટી.દેસાઈ.